# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

- **રાજ્ય સરકાર દ્વારા સંચાલિત 108 એમ્બ્યુલન્સ સેવાએ એક મહિનામાં 1 લાખ 14 હજારથી વધુ દર્દીને સેવા પૂરી પાડી**
- **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે સ્વ-સહાય જૂથની મહિલાઓ સાથે સખી સંવાદ કરશે**
- **રાજ્યમાં ચાંદીપુરા વાઈરસ શંકાસ્પદ કેસની સંખ્યા 137 પર પહોંચી... અત્યાર સુધીમાં 56 દર્દીના મોત**
- **ભૂગર્ભ જળસપાટી ઊંચી લાવવા રાજ્ય સરકારે 150 કરોડ રૂપિયાની યોજનાને મંજૂરી આપી.**
- **રાજ્યનાં તમામ જિલ્લામાં મોટા ભાગનાં સ્થળોએ આજથી પાંચ દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી**

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# 108 SERVICE

છેલ્લાં એક મહિનાથી રાજ્યભરમાં પડી રહેલા વરસાદ વચ્ચે ગુજરાત સરકાર દ્વારા સંચાલિત 108 એમ્બ્યુલન્સ સેવાએ 1 લાખ 14 હજારથી વધુ દર્દીઓને સેવા પૂરી પાડી છે.

એમ્બ્યુલન્સ સેવા શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં 15 લાખ 37 હજાર લોકોનાં જીવ બચાવ્યા છે અને એક લાખ 42 હજારથી વધુ મહિલાઓની સફળ પ્રસુતિ કરાવી છે. અત્યાર સુધીમાં 1.62 કરોડથી વધુ લોકોએ 108 એમ્બ્યુલન્સની સેવાનો લાભ લીધો છે.

હાલમાં અંદાજે ચાર હજારથી વધુ કર્મચારીઓ અંદાજે સાતથી સાડા સાત હજાર જેટલા કોલ લે છે.

108ની 800થી વધુ એમ્બ્યુલન્સ દર્દીઓની સેવામાં રાત-દિવસ કાર્યરત છે. આ ઉપરાંત બે બોટ એમ્બ્યુલન્સ અને એક એર એમ્બ્યુલન્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

108 G.V.K. E.M.R.I.ના ચીફ ઓપરેટિંગ ઓફિસર જશંવત પ્રજાપતિના જણાવ્યા અનુસાર રાજ્યના તમામ 257 તાલુકા, 18 હજાર જેટલાં ગામો, 33 જિલ્લાઓ અને મહાનગરો સહિત તમામ જગ્યાએ 108ની સેવાનો વ્યાપ છે.

---

--માહિતી ખાતુ અમદાવાદ અનિલ

-(NAVIN)

# SAKHI SAMVAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ગાંધીનગરના મહાત્મા મંદિરમાં રાજ્યના ગ્રામીણ ક્ષેત્રોના સ્વ-સહાય જૂથની મહિલાઓ સાથે “સખી સંવાદ” કરશે.. ગ્રામીણ બહેનોના સામાજિક ઉત્થાનથી તેમનું જીવનધોરણ સુધારવાના પ્રયાસના ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

રાજ્યભરના 28 હજારથી વધુ સ્વ-સહાય જૂથની સભ્ય એવી ગ્રામીણ નારીશક્તિને કુલ 350 કરોડ રૂપિયાના લાભ વિતરણ કરાશે.  મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ ગ્રામીણ નારીશક્તિ સાથે પ્રત્યક્ષ સંવાદ કરશે..

સખી સંવાદમાં સહભાગી થનારી 33 જિલ્લાની બહેનો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના સ્ટોલ્સ પણ આ “સખી સંવાદ” કાર્યક્રમ સ્થળે તૈયાર કરાશે.

---

- REPEAT

# NARI VANDAN SAPTAH

મહિલાઓના સર્વાંગી વિકાસ માટે મહિલાઓના સામર્થ્યને ઉજાગર કરવા માટે સમગ્ર રાજ્યમા દર વર્ષની જેમ આ વર્ષે પણ પહેલી થી આઠમી ઓગસ્ટ દરમ્યાન “નારી વંદન સપ્તાહ”ની ઉજવણી કરવામાં આવશે.

રાજકોટ જિલ્લામાં જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમની ઉજવણી અંતર્ગત  મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા વિવિધ કાર્યક્રમો થકી  મહિલાઓનું સન્માન કરાશે.

આ સપ્તાહ દરમિયાન મહિલા સુરક્ષા રેલી, શાળા કોલેજોમાં જાગૃતિ કાર્યક્રમ, હોસ્પિટલમાં જન્મેલી દીકરીઓને દીકરી વધામણા કીટ વિતરણ, વહાલી દીકરી યોજનાના મંજૂરી હુકમ વિતરણ, દરેક ગામમાં ખાસ મહિલા ગ્રામસભા, મહિલા આર્થિક વિકાસ માટે કાર્યક્રમ વગેરે કાર્યક્રમ દ્વારા મહિલા કલ્યાણ લક્ષી કાર્યક્રમો  હાથ ધરાશે.

---

- પીટીસી **rajkot** કરણ

-(NAVIN)

# cm nandi sarovar - katch visit

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છના મુંદ્રા તાલુકાનાં કારાઘોઘા ખાતે ગઇકાલે 600 એકરમાં નિર્માણ પામેલા નંદીસરોવર, 225 એકરમાં પાંચ લાખ વૃક્ષો સાથે આકાર પામનારા નંદનવન અને વન અભ્યારણ સહિતના પ્રકલ્પોની મુલાકાત લીધી હતી. તેમણે નંદીસરોવરમાં નવાનીરને શાસ્ત્રોક્ત વિધિ સાથે શ્રીફળ પધરાવીને વધાવી સરોવરની પાસે વૃક્ષારોપણ કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી પટેલ નંદનવનની મુલાકાત સમયે પર્યાવરણ તથા પશુઓના જતન માટે થઈ રહેલી કામગીરીથી પ્રભાવિત થયા હતા. સરકાર આ સેવા કાર્યમાં સહકાર માટે તત્પર રહેશે તેવી હૈયાધારણા તેમણે આપી હતી

---

- ઇન્ફો કરણ

-(NAVIN)

# CHANDIPURA CASES

રાજ્યમાં ચાંદીપુરા વાઈરસ એટલે કે, વાઈરલ એન્કેફેલાઈટીસના શંકાસ્પદ કુલ કેસની સંખ્યા 137 એ પહોંચી છે. આમાંથી કુલ 51 કેસ પોઝિટિવ મળ્યા છે. સત્તાવાર આંકડા મુજબ, રાજ્યમાં અત્યાર સુધીમાં ચાંદીપુરા વાઈરસના કારણે 56 દર્દીના મોત નીપજ્યા છે. જ્યારે 29 દર્દી સારવાર હેઠળ તો 52 દર્દીને રજા આપવામાં આવી છે.

આરોગ્યની ટુકડી પણ પોઝિટિવ અને શંકાસ્પદ દર્દીઓના ઘરે અને આસપાસના વિસ્તારના ઘર મળી કુલ 45 હજાર 215 ઘરમાં દેખરેખની કામગીરી કરી રહી છે.

પંચમહાલ જિલ્લામાં અસરગ્રસ્ત બાળકો પૈકી સાત બાળકના મૃત્યુ નિપજવા ઉપરાંત ચાંદીપુરા વાઈરસ કેસનો રિપોર્ટ પોઝિટિવ આવતાં દિલ્હીની નેશનલ સેન્ટર ફૉર ડિસીઝ કન્ટ્રોલની ટુકડી અહીં પહોંચી છે. ટુકડીના ચાર સભ્યોએ ગોધરા અને મોરવા-હડફ તાલુકાના 2 અસરગ્રસ્ત બાળકોના વિસ્તારની મુલાકાત લઈ તપાસ કરી હતી. આ પહેલાં પુણેની ઇન્સ્ટિટ્યૂટ ઑફ વાઈરોલૉજીની ટુકડી પણ અહીં પહોંચી હતી.

રાજકોટ શહેરમાં ચાંદીપુરાના આઠ નમૂનામાંથી પાંચ નેગેટિવ, એક પોઝિટિવ આવ્યા છે. જ્યારે 2 દર્દીના રિપોર્ટ આવવાના હજી બાકી છે. ચાંદીપુરાના કેસને જોતા આરોગ્ય વિભાગની ટુકડીએ 1 હજાર 400થી ઘરમાં તપાસ હાથ ધરી છે.

---

-(YADI– HINDUSTHAN SAMACHAR – PTC – RAJKOT PRAVESH.) -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.........................................

# BHUGARBH JAL RECHARGE YOJNA

ભુગર્ભ જળ વધુ ઊંચા લાવવાના હેતુથી રાજ્ય સરકારે 150 કરોડ રૂપિયાની ભુગર્ભ જળ રીચાર્જ યોજનાને મંજુરી આપી છે.

આ યોજના અંતર્ગત રાજ્યમાં બંધ તેમજ બિન ઉપયોગી અંદાજે 10 હજાર ખાનગી ટ્યુબવેલને વરસાદી પાણીથી રીચાર્જ કરવામાં આવશે.

રાજ્યમાં ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવવાથી વીજ વપરાશ ઘટવાની સાથે ખેડૂતોની આવકમાં પણ વધારો થશે

આ યોજના અંતર્ગત બંધ ટ્યુબવેલ- બોર રીચાર્જ માટે 90 ટકા ફાળો-ખર્ચ રાજ્ય સરકાર આપશે જયારે 10 ટકા ફાળો લોક ભાગીદારીથી આપવાનો રહેશે. સતત ઉંડા જતા ભૂજળમાં સુધારો કરીને વીજ વપરાશમાં ઘટાડો કરી શકાય તે માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# ek ped make nam song launched

**વન મંત્રી મુળુભાઇ બેરાએ ગઇકાલે ગાંધીનગરથી રાજ્યને વધુ હરીયાળું બનાવવાના લક્ષ્ય સાથે 'એક પેડ મા કે નામ' ગીત લોન્ચ કર્યું હતું.**

**આ પ્રસંગે તેમણે જણાવ્યુ કે રાજ્યમાં અત્યાર સુધીમાં 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વન વિભાગ, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિકોની સહભાગિતાથી અંદાજે 6.55 કરોડથી વધુ રોપાઓનું વાવેતર કરાયું છે.**

આ અભિયાનમાં ઉત્સાહ પૂર્વક જોડાઇને માતાનાં નામે એક વૃક્ષ વાવીને આપણી ધરતી માતાને વધુ હરિયાળી બનાવીને પ્રકૃતિનું પણ ઋણ અદા કરવા મંત્રી શ્રીએ રાજ્યના નાગરિકોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે રાજ્ય વન મંત્રી મુકેશ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

---

- ઇન્ફો કરણ

-(NAVIN)

# Rain

ગઇકાલે સવારે છથી રાત્રિના આઠ વાગ્યા દરમિયાન રાજ્યનાં 159 તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ પડ્યો હતો. 31 તાલુકામાં એકથી સવા ચાર ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો.

છેલ્લાં બે દિવસથી ઉત્તર ગુજરાતનાં જિલ્લાઓમાં સાર્વત્રિક વરસાદ પડતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. પાટણ જિલ્લાનાં સરસ્વતી તાલુકામાં ચાર, પાટણ તાલુકામાં ત્રણ અને સાંતલપુરમાં અઢી ઇંચ વરસાદ પડ્યો હતો.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધી રમેશ સોલંકી જણાવે છે કે, ગઈકાલે બપોરે વિરામ બાદ રાત્રે 10 વાગ્યાથી વીજળીના ચમકારા અને વાદળોના ગડગડાટ વચ્ચે વરસાદ પડ્યો હતો.

ગઈકાલે કચ્છ જિલ્લાનાં અબડાસા તાલુકામાં ચાર ઇંચ, ભચાઉમાં દોઢ ઇંચ, માંડવી તાલુકામાં સવા બે ઇંચ વરસાદ પડ્યો હતો. બનાસકાંઠા જિલ્લાનાં ભાભર અને લાખાણી તાલુકામાં અઢી ઇંચ, સુરત જિલ્લાના ઉમરપાડામાં અને દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં બે-બે ઇંચ વરસાદ પડ્યો હતો.

દરમિયાન હવામાન વિભાગે પાંચ ઓગસ્ટ સુધી ગુજરાતનમાં તમામ જિલ્લામાં મોટાં ભાગનાં સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

---

-----એસઇઓસી યાદી, હવામાન ખાતાની વેબસાઈટ અનિલ -(NAVIN)

# Rajot Mela name

રાજકોટ શહેરમાં રેસકોર્સ મેદાનમાં જન્માષ્ટમીનાં રોજ યોજાનાર લોકમેળા માટે શીર્ષક સ્પર્ધામાં ભાગ લેવાનો આજે અંતિમ દિવસ છે. લોકો દ્વારા અત્યાર સુધીમાં 500થી વધુ નામ સુચવવામાં આવ્યા છે. નાગરિકો lokmelarajkot@gmail.com પર ઈ-મેલ કરીને શીર્ષક સૂચવી શકે છે.

રાજકોટ શહેરમાં પ્રતિવર્ષ પવિત્ર શ્રાવણ માસની રાંધણ છઠથી લોકમેળો યોજવામાં આવે છે. આ વર્ષનો લોકમેળો 24 ઓગસ્ટ થી 28 ઓગસ્ટ સુધી યોજાનાર છે. નામકરણ માટે શીર્ષક ટૂંકું, આકર્ષક, શિષ્ટ, મનોગમ્ય હોવું જોઇએ. વધુમાં વધુ બે શીર્ષક મોકલી શકાશે. સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિ, પરિવેશ, રહેનસહેન, લોકજીવનને અનુરૂપ હોવું જોઇએ.

દરમિયાન, લોકમેળાની તૈયારીની સમીક્ષા કરવા ગઈ કાલે રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોષીની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ હતી. શ્રી જોષીએ જણાવ્યું હતું કે આ વર્ષનો મેળો વધુ સુરક્ષિત અને સગવડભર્યો બને તે માટે વહીવટીતંત્ર સંપૂર્ણ સજ્જ છે.

---

----પીટીસી રાજકોટ અનિલ

-(NAVIN)

# CHILDRENS RESEARCH UNI.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીએ આજે તેના 15મા સ્થાપના દિવસ નિમિત્તે ગાંધીનગર ખાતે ઉજવણીનું આયોજન કર્યું છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરિયા ઉપસ્થિત રહેશે.

આ અવસરે યુનિવર્સિટી દ્વારા સંશોધન નીતિના વિમોચન સાથે 44 જેટલા સંશોધન પ્રોજેક્ટની ફાળવણી કરાશે. તેમ જ રાષ્ટ્રની સર્વશ્રેષ્ઠ બાળવાટિકાને ગિજુભાઈ બધેકા એવોર્ડથી સન્માનિત કરાશે. દરમિયાન ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી વિદ્યાર્થીઓ અને અધ્યાપકોની વિશેષ સિદ્ધિ બદલ સન્માનિત કરશે.

---

- (હિન્દુસ્થાન સમાચાર / પ્રવેશ)

-(NAVIN)

## RATION CARD -ADDITIONAL ITEMS

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો - 2013 હેઠળ અંત્યોદય રેશનકાર્ડ ધરાવતા કુટુંબો તથા અગ્રતા ધરાવતા કુટુંબોને ઓગસ્ટ મહિનામાં આવતા તહેવારોને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા વધારાનું રાશન વિતરણ કરાશે.

અગ્રતા ધરાવતા કુટુંબોને મળવાપાત્ર ઘઉં તથા ચોખા, ખાંડ, ચણા, તુવેરદાળ, મીઠા સહિત તહેવાર નિમિતેની વધારાની ખાંડ અને રાહતદરે એક સિંગતેલ પાઉચના જથ્થાનું વિતરણ કરવામાં આવશે. તેમ રાજકોટ જિલ્લા પુરવઠા અધિકારીની યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------

- પીટીસી રાજકોટ કરણ -(NAVIN)